


# આહ્‌વાન

A MONTHLY BULLETIN OF SHAHPUR METHODIST CHURCH

Address : Bahai Center, Shahpur, Ahmedabad 380 001.



Email :rev.arvindkhristi@gmail.com
Visit us at : www.shahpurmethodistchurch.com

Pastor : Rev. Arvind R. Khristi
Ph. : 079-25503545 (M) 9913070647



વર્ષ - ૪૯ | માર્ચ - ૨૦૨૨ | પત્ર - ૧૦૩


## 'રાખનો બુધવાર' Ash Wednesday

### આત્મપરિક્ષા - ૨ કરિંથી ૧૩:૫

રાખના બુધવારથી ૪૦ દિવસોના ઉપવાસ અને પ્રાર્થનાની શરૂઆત થાય છે. આ દિવસોને લેન્ટ **Lent** ના દિવસો તરીકે ઓળખવામાં આવે છે. આ દિવસોમાં આપણું મન પ્રભુ તરફ કેન્દ્રિત કરી અને પ્રભુએ આપણા માટે જે દુઃખ સહન કરી બલિદાન આપ્યું તેને યાદ કરતાં આપણી આત્મપરિક્ષા કરવાની હોય છે. આપણા મન, વિચારો, હૃદય તરફ જોવાના દિવસો છે. આપણા શરીરનું મેડિકલ ચેકપ કરાવીએ છીએ, તે પ્રમાણે આ દિવસોમાં પ્રભુના વચન અને પ્રાર્થના તથા ઉપવાસ દ્વારા પ્રભુની સંગતમાં રહી અને આત્મપરિક્ષા કરવાની હોય છે.

પ્રભુ ઈસુ ખ્રિસ્ત કોણ છે અને તેમનો પ્રેમ કેટલો મહાન છે, તેમણે માણસને માટે કેટલું બધુ ક્રૂર દુઃખસહન કર્યું છે અને આ સાથે આપણે કોણ છીએ અને કેવા છીએ, આ સર્વ બાબતોની જાત તપાસ કરવાનો આ સમય છે. પ્રભુ પ્રત્યેના આપણા વિશ્વાસને અને સંબંધને ચકાસવાનો આ સમય છે. આ સર્વ બાબતોને આપણે પોતે જ સમજવાનો, ચકાસવાનો અને પરિક્ષા કરવાનો આ સમય છે. ટૂંકમાં જાત તપાસ કરવાનો આ સમય છે.

આ દિવસોમાં આપણા મન વીંધાવા અને ભંગાવા જોઈએ. જેમ કોઈ વસ્તુ બળી અને રાખ થાય છે, ધૂળ થઈ જાય છે તેમ પ્રભુના વચનો દ્વારા આપણા હૃદયો વીંધાઈ અને નમ્ર બનવા જોઈએ. પ્રેરિતોના કૃત્યો ૨:૩૭માં પિતરનું ભાષણ સાંભળી અને તેઓના મન વીંધાઈ ગયા. તેઓએ પસ્તાવો કર્યો અને પ્રભુમાં ઊમેરાયાં.

વ્હાલાઓ આ દિવસોમાં પ્રભુના વચનો કે જે આપણને પસ્તાવા અને પ્રભુ તરફ દોરે છે અને વીંધે છે તે તરફ ધ્યાન કેન્દ્રિત રાખીએ. યશાયા ૬૬:૨ પ્રબોધક જણાવે છે કે જે ગરીબ અને નમ્ર હૃદયનો છે, તથા પ્રભુના વચનને લીધે ધ્રૂજે છે તેની તરફ પ્રભુ દૃષ્ટિ રાખે છે એટલે કે જેઓ પ્રભુના વચન દ્વારા પસ્તાવા સાથે ભંગાયેલા અને વીંધાયેલા તથા નમ્ર થયેલા હૃદયોમાં પ્રભુની હાજરી રહે છે.

આવા નમ્ર અને ભંગાયેલા પસ્તાવિક હૃદયોને આ દિવસોમાં પ્રભુ માટે દઢ કરવાના હોય છે. ૧ પિતર ૧:૧૩માં જણાવ્યું છે કે તમારા મનની કમર બાંધીને સાવધ રહો. આ દિવસો સાવધ અને ગંભીર બનવાના છે. જે પ્રભુના વચન દ્વારા વીંધાયા એ પ્રભુની આજ્ઞા અને સંદેશ પ્રમાણે વર્તનાર બનવાનું છે. મનની કમર પ્રભુ માટે તેમની પાછળ ચાલવા અને જે મહાન કૃપાની આશા આપી છે તેમાં બાંધવાની છે.

### BIRTHDATE'S IN MARCH

| તારીખ | નામ | તારીખ | નામ |
|---|---|---|---|
| ૬/૩ | આલાપભાઈ જે. માસ્ટર | ૨૩/૩ | જોય એ. ક્રિશ્ચિયન |
| ૬/૩ | સુનિલભાઈ એસ. સોલંકી (USA) | ૨૪/૩ | સત્યવતીબેન વી. દાસ |
| ૬/૩ | કાંતિલાલભાઈ બી. સોલંકી | ૨૫/૩ | ટવીંકલ વી. ક્રિસ્ટી |
| ૭/૩ | શરદકુમાર બી. વાઘેલા | ૨૬/૩ | મેરેલીન એન. ચૌહાણ |
| ૮/૩ | રીટાબેન જે. કીન | ૨૯/૩ | કલ્પનાબેન વી. ક્રિસ્ટી |
| ૧૨/૩ | રીનાબેન જે. દાસ | ૨૯/૩ | સિલાસભાઈ જી. ચૌહાણ |
| ૧૨/૩ | સુહાસીનીબેન ટી. રૂબી | ૩૧/૩ | નિલેશભાઈ આર. રાઠોડ |
| ૧૩/૩ | જીની જે. મેકવાન | | |

### જાહેરાત

- લેન્ટની મિટીંગ રોજ સાંજે ૮-૦૦ કલાકે ચર્ચમાં અથવા આમંત્રિત સભ્ય કુટુંબના ઘરે મળે છે. જેમાં આપ હાજરી આપશો.
- લેન્ટની મિટીંગ આપના ઘરે રાખી શકો છો.
- લેન્ટ ઋતુનું દાન આપી શકો છે.
- ૩૧ માર્ચ ૨૦૨૨ નાણાંકીય વર્ષ પૂર્ણ થાય છે. આપના દાનો જમા કરાવશો.
- તા. ૩-૪-૨૨ રવિવારે ભજનસેવા બાદ નિર્ગમનના ૧ થી ૨૧ અધ્યાય પ્રમાણે લેખિત બાઈબલ કવીઝ લેવાશે જેમાં ભાગ લેશો, તૈયારી કરશો.
- રવિવારની ભજનસેવામાં કુટુંબ સાથે હાજરી આપો.

## પાળક દ્વારા મળેલ બર્થડે અને આભાર સ્તુતિના દાન

| | | | |
|---|---|---|---|
| ૧. | શ્રી રાજ એસ. શાહ | પુ.ફંડ | ૧૦૦૦.૦૦ |
| ૨. | શ્રીમતી મંજુલાબેન એસ. ખ્રિસ્તી | આ.સ્તુ. | ૧૦૦.૦૦ |
| ૩. | શ્રીમતી સ્ટેલાબેન એમ. પરમાર | આ.સ્તુ. | ૨૦૦.૦૦ |
| ૪. | કુ. પ્રિયંકા એન. ક્રિશ્ચિયન | બર્થડે | ૨૦૦.૦૦ |
| ૫. | શ્રીમતી કલ્પનાબહેન વી. ક્રિસ્ટી | આ.સ્તુ. | ૨૦૦૦.૦૦ |
| ૬. | શ્રી ક્રિસ્ટોફર એસ. ક્રિસ્ટી | આ.સ્તુ. | ૫૦૦.૦૦ |
| ૭. | શ્રીમતી સુશીલાબેન એસ. ક્રિસ્ટી | આ.સ્તુ. | ૧૦૦.૦૦ |
| ૮. | શ્રી કેનેથ એફ. ટેલર | બર્થડે | ૫૦૦.૦૦ |
| ૯. | જેક એમ. રાઠોડ | બર્થડે | ૨૦૦.૦૦ |
| ૧૦. | શ્રી વિક્ટરભાઈ વી. મેકવાન | બર્થડે | ૫૦૦.૦૦ |
| ૧૧. | શ્રીમતી મોનિકાબેન એસ. ડેવિડ | આ.સ્તુ. | ૫૦૦.૦૦ |
| ૧૨. | શ્રીમતી સિલ્વીયાબેન એન. ક્રિશ્ચિયન | આ.સ્તુ. | ૫૦૦.૦૦ |
| ૧૩. | શ્રી સમીરભાઈ એસ. ભાટીયા | બર્થડે | ૧૦૦૦.૦૦ |
| ૧૪. | શ્રી સમીરભાઈ એસ. ભાટીયા | મિશનેરી | ૧૦૦૦.૦૦ |
| ૧૫. | શ્રી સમીરભાઈ એસ. ભાટીયા | એ.ફંડ | ૧૦૦૦.૦૦ |
| ૧૬. | શ્રીમતી આશાબેન સી. વરસડા | બર્થડે | ૨૦૦.૦૦ |
| ૧૭. | મા. એનન એલ. પેલ્મોર | બર્થડે | ૫૦૦.૦૦ |
| ૧૮. | શ્રી માયુષભાઈ એ. રાઠોડ | બર્થડે | ૨૦૦.૦૦ |
| ૧૯. | શ્રીમતી મંજુલાબહેન એસ. ખ્રિસ્તી | લ. દાન | ૩૦૦.૦૦ |
| ૨૦. | શ્રી ફ્રાન્સિસભાઈ વી. ગોહિલ નોકરીમાં પ્રમોશન મળવાથી અભિનંદન | આ.સ્તુ. | ૫૦૦.૦૦ |
| ૨૧. | શ્રી નોએલ એસ. ક્રિસ્ટી | આ.સ્તુ. | ૧૦૦.૦૦ |
| ૨૨. | શ્રીમતી જુલિયેટ એન. ક્રિસ્ટી | આ.સ્તુ. | ૧૦૦.૦૦ |
| ૨૩. | શ્રી નોએલ એસ. ક્રિસ્ટી | બર્થડે | ૨૦૦.૦૦ |
| ૨૪. | શ્રીમતી શીલાબેન પટેલ | આ.સ્તુ. | ૧૦૦૦.૦૦ |
| ૨૫. | શ્રીમતી મંજુલાબહેન એસ. ખ્રિસ્તી | બર્થડે | ૫૦૦.૦૦ |
| ૨૬. | શ્રી એન્થનીભાઈ એ. ક્રિશ્ચિયન દિકરી એનીના લગ્ન પ્રસંગે | આ.સ્તુ. | ૫૦૦૦.૦૦ |
| ૨૭. | શ્રીમતી રોઝમેરી એ. ખ્રિસ્તી | વર્ષગાંઠ | ૫૦૦.૦૦ |
| ૨૮. | શ્રી શેલ્ડન વી. ક્રિસ્ટી | આ.સ્તુ. | ૫૦૦.૦૦ |
| ૨૯. | શ્રી અતુલભાઈ પી. મહિડા | બર્થડે | ૨૫૦.૦૦ |
| ૩૦. | મા. ઈયાન એ. મહિડા પરદેશ સલામત પહોંચવા બદલ | આ.સ્તુ. | ૫૦૦.૦૦ |
| ૩૧. | શ્રીમતી યાચના શેરીલ ક્રિશ્ચિયન | બર્થડે | ૧૦૦૦.૦૦ |
| ૩૨. | શ્રી/શ્રીમતી શેરીલ આર. ક્રિશ્ચિયન યાચના-શેરીલ લગ્ન દિવસ | આ.સ્તુ. | ૫૦૦૦.૦૦ |
| ૩૩. | શ્રીમતી પ્રકૃતિ એન. ક્રિશ્ચિયન | બર્થડે | ૫૦૦.૦૦ |

ગતાંક દાન નામ સુધારો

| | | |
|---|---|---|
| સ્વ. નલીનભાઈ એચ. ક્રિશ્ચિયનના સ્મરણાર્થે - જન્મ દિવસ | આ.સ્તુ. | ૨૦૦.૦૦ |

### પ્રાર્થના વિનંતી

- સ્થાનિક ચર્ચના ૭ વિદ્યાર્થી ભાઈ-બહેન ધોરણ-૧૨ અને ૪ વિદ્યાર્થી ભાઈ-બહેન ધોરણ-૧૦ની પરીક્ષા આપનાર છે તેઓ માટે પ્રાર્થના કરશો.
- લેન્ટની મિટીંગો માટે પ્રાર્થના કરશો.

## ગત માસના કાર્ય તરફ દૃષ્ટિપાત

- તા. ૫-૨-૨૨ અમદાવાદ ડિસ્ટ્રીક્ટ વેસ્ટના પાળકોની પ્રાર્થના સંગતમાં મેથોડિસ્ટ ચર્ચ, રાયખડમાં હાજરી આપી. આ સંગતમાં પાળકોનો આવકાર અને વિદાય કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.
- તા. ૬-૨-૨૨ રવિવારની ભજનસેવા ચલાવવામાં આવી અને પ્રભુભોજન પળાવવામાં આવ્યું.
- તા. ૧૩-૨-૨૨ રવિવારની ભજનસેવામાં આરાધના વિષય સંબંધી વચન આપ્યું.
- તા. ૨૦-૨-૨૨ રવિવારની ભજનસેવામાં આરાધના-૨ સંબંધી વચન આપ્યું.
  -ભજનસેવા બાદ પાસ્ટરેટ કમિટી મળી.
  -મહિલા મંડળની સંગત મળી. -સન્ડેસ્કૂલ બેસાડવામાં આવી.
- તા. ૨૧-૨-૨૨ સવારે શ્રી એન્થનીભાઈ એ. ક્રિશ્ચિયનના દિકરી એનીના લગ્ન મંડપની થાંભલી પ્રાર્થના સાથે રોપવામાં આવી.
- તા. ૨૧-૨-૨૨ સાંજે એની એ. ક્રિશ્ચિયનના લગ્નની આભારસ્તુતિની મિટીંગ ચલાવવામાં આવી.
- તા. ૨૨-૨-૨૨ શ્રી એન્થનીભાઈ એ. ક્રિશ્ચિયનના દિકરી એની મેથોડિસ્ટ ચર્ચ કઠલાલના સભ્ય શ્રી કિરણકુમાર રાઠોડના દિકરા આકાશ સાથે લગ્નગ્રંથિથી જોડાયા. અભિનંદન
- તા. ૨૫-૨-૨૨ સી.એન.આઈ. ચર્ચ રાયખડમાં અમદાવાદના પાળક મંડળની મિટીંગમાં હાજરી આપી.
- તા. ૨૬-૨-૨૨ અમદાવાદ ડિસ્ટ્રીક્ટ વેસ્ટ એમ.વાય.એફ. આયોજીત ક્રિકેટ ટુર્નામેન્ટમાં મેથોડિસ્ટ ચર્ચ, શાહપુરની ક્રિકેટ ટીમ સાથે આ ટુર્નામેન્ટમાં હાજરી આપી. મેથોડિસ્ટ ચર્ચ, શાહપુરની ક્રિકેટ ટીમનો ભાગ લેવા બદલ આભાર અને અભિનંદન.
- તા. ૨૭-૨-૨૨ અમદાવાદ ડિસ્ટ્રીક્ટ વેસ્ટના પુલ્પિટ એક્સચેન્જ કાર્યક્રમ પ્રમાણે મેથોડિસ્ટ ચર્ચ, શાહપુરમાં મેથોડિસ્ટ ચર્ચ, ગાંધીનગરના પાળક રેવ. મનોજ પરમાર સાહેબે વચન આપ્યું અને ભજનસેવાનું સંચાલન શ્રી આલાપભાઈ માસ્ટરે કર્યું હતું. આભાર. સ્થાનિક પાળકે આગાપે મેથોડિસ્ટ ચર્ચ, મારિયાપાર્ક, રાણીપુરમાં વચન આપ્યું હતું.
  બપોરે ૧૨-૦૦ કલાકે અમદાવાદ ડિસ્ટ્રીક્ટ વેસ્ટની એમ.વાય.એફ. રીટ્રીટમાં હાજરી આપી હતી.

### નાણાંકીય અહેવાલ જાન્યુઆરી-૨૦૨૨

| | | |
|---|---|---|
| તા. ૦૧-૧-૨૨ ની ઉઘડતી | સિલક | |
| | રોકડ | ૬૧,૯૫૯-૮૮ |
| | બેંકમાં | ૭,૦૮,૩૭૫-૧૪ |
| જાન્યુ. ૨૦૨૨ ની | આવક | ૪,૩૦,૨૧૩-૦૦ |
| | કુલ | ૧૨,૦૦,૫૪૮-૦૨ |
| તા. ૩૧-૧-૨૨ ની બંધ સિલક | | |
| | રોકડ | ૯૮,૧૫૭-૮૮ |
| | બેંક | ૧૦,૨૦,૩૨૮-૧૪ |
| જાન્યુઆરી-૨૨ ની | જાવક | ૮૨,૦૬૨-૦૦ |
| | કુલ | ૧૨,૦૦,૫૪૮-૦૨ |

શ્રી શરદભાઈ જે. માસ્ટર, ટ્રેઝરર